## આ. કૃ.યુ., વસો કેમ્પસ ખાતે યોજાયેલ “લેન્ડ એન્ડ લેન્ડ લોઝ” વિષય પર વ્યાખ્યાન

કૃષિ મહાવિદ્યાલય-વ-કૃષિ પોલિટેકનીક, આણંદ કૃષિ યુનિવર્સિટી, વસો ખાતે તારીખ ૨૭/૧૧/૨૦૨૧ના રોજ “લેન્ડ એન્ડ લેન્ડ લોઝ” વિષય પર વ્યાખ્યાન યોજાઈ ગયું. જેનાં મુખ્ય વક્તા શ્રી યુ. એમ. કણસાગરા સાહેબએ ભૂતપૂર્વ નાયબ નિયામકશ્રી, લેન્ડ રેકર્ડઝ વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગર પોતાનાં જ્ઞાન અને અનુભવો આ વ્યાખ્યાન દ્વારા વહેંચી આ વિષય પર અદભુત પ્રકાશ પાડેલ. આ વ્યાખ્યાનમાં તેઓએ જમીન કાયદાનો ઇતિહાસ, વિવિધ જમીનનાં કાયદા અને તેના અમલીકરણ અંગે ઊંડાણપૂર્વક માહિતી આપેલ. આ કાર્યક્રમનું આયોજન આચાર્યશ્રી ડૉ. વી. પી. રામાણીના અધ્યક્ષ સ્થાને તથા માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં સરકારશ્રીની કોવિડ-૧૯ ની માર્ગદર્શિકાનું ચુસ્તપણે પાલન કરીને બંને કોલેજનાં વિદ્યાર્થીઓ, અધ્યાપકશ્રીઓ અને સ્ટાફગણ  ખુબ જ  રસપૂર્વક ભાગ લઈ કાર્યક્રમને સફળ કરેલ.

